| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

सत्यमेव जयते

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૮/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :–** **સુરજ ઉર્ફે દદુ જગદિશ રામદેવ વર્મા,**
હાલ રહે. પ્લોટ નં. ૬૭, મીરાનગર, પાકીઝા
હોટલની પાછળ, સારંગપુર,
તા. અંકલેશ્વર, જિ. ભરૂચ,
મુળ રહે. પંચમુલી ગામ, થાના ભાણપુર,
જિ. બસ્તી (યુ.પી.)

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એ.આઇ.પટેલ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) અંકલેશ્વર, જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૬૦૦૦૫/૨૦૨૬ થી એન.ડી.પી.એસ. એક્ટની

કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીએ એફ.આઇ.આર. નાં ગ્રાઉન્ડ ઉપર ક્રિ.પ.અ.નં. ૪૭/૨૦૨૬ થી જામીન અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ જે તા. ૦૫/૦૨/૨૦૨૬ નાં રોજ નામંજુર કરવામાં આવેલ છે, ત્યારબાદ અરજદાર/આરોપી તરફે નામ. ગુજરાત હાઇકોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૩૮૮૫/૨૦૨૬ થી નામ. હાઇકોર્ટમાં જામીન ઉપર મુકત થવા અરજી કરેલ, જે તા. ૧૦/૦૩/૨૦૨૬ નાં રોજ વિડ્રો કરેલ છે, જે બન્ને હુકમો આરોપી તરફે આંક-૦૩ નાં લીસ્ટથી રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક-૦૫** નું સોગંદનામું તથા આરોપી તરફે **આંક-૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૪) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, અંકલેશ્વર, જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૬૦૦૦૫/૨૦૨૬ થી એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને અટક કરેલ, ત્યારબાદ અરજદાર/આરોપીનાં રીમાન્ડની માંગણી કરવામાં આવેલ તે અવધી પૂર્ણ થતા અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં મોકલવામા આવેલ, ત્યારબાદ અરજદાર/આરોપીએ ક્રિ.પ.અ.નં. ૪૭/૨૦૨૬ થી જામીન અરજી મુકતા સદર જામીન અરજી નામંજુર થયેલ ત્યારબાદ ક્રિ.પ.અ.નં. ૩૮૮૫/૨૦૨૬ થી નામ. હાઇકોર્ટમાં જામીન અરજી મુકેલ, પરંતુ ચાલુ જામીન અરજી દરમ્યાન તપાસ કરનાર અધિકારીએ એન.ડી.પી.એસ. કેસ નં. ૦૪/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરેલ હોય, જેથી સદર જામીન અરજી વિડ્રો કરેલ, જેથી

હાલની અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી સામે મોટાભાગની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પણ દાખલ કરેલ હોય અને વધુ સમય જેલમાં રહે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટનો ભોગ બનવુ પડે તેમ છે, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, એન.ડી.પી.એસ. એકટની જોગવાઇ મુજબનો ગાંજાનો જથ્થો મળી આવેલ નથી અને ગાંજો ખોટી રીતે પકડેલ હોય આરોપીની માલીકીનો નથી અને અરજદાર/આરોપી પાસેથી સદર માલ સાથે પકડાઇ ગયેલ હોય તેવો આક્ષેપીત રોલ હોય અને આરોપીએ આવુ કોઇ કૃત્ય કરેલ નથી, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીની કાયદેસરની અંગઝડતીમાંથી કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી, સદર કામે મોટાભાગનાં સરકારી સાહેદો હોય સાહેદોને તોડવા ફોડવાનો કોઇ પ્રસંગ બને તેમ નથી. અરજદાર/આરોપીનો કોઇ ગુનાહિત રોલ નથી. વધુમાં રજુઆત છે કે, હાલનાં કામે ગાંજાનો જથ્થો જોતા ઇન્ડરમીડીએટ કોન્ટીટીનો જથ્થો હોય એન.ડી.પી.એસ. એકટની કલમ–૩૭ નો બાધ નથી, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપીએ તેમની જામીન અરજીમાં નામ. ઉપલી અદાલતોના ચુકાદાઓ દર્શાવેલા છે, પરંતુ તે ચુકાદાઓ રજુ કરેલ નથી.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર/આરોપીને સહ–આરોપી સુભાષ શિવચંદ્ર યાદવ, રહે. અંકલેશ્વરનાએ ગેરકાયદેસર નશાકારક વનસ્પતીજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો આપેલ અને તેણે તેના કબજા ભોગવટાની દુકાનમાં પૈસા કમાવવાના ઈરાદે અન્યને વેચાણ કરવા માટે રાખી વનસ્પતીજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો ૧.૬૦૫ કિ.ગ્રા.ની કિં. રૂા. ૮૦,૨૫૦/– તથા એક મોબાઇલ ફોન કિં. રૂા. ૫,૦૦૦/–

તથા રોકડા રૂા. ૭૦૦/– મળી કુલ રૂા. ૮૫,૯૫૦/– ના મુદ્દામાલ સાથે હાલનાં અરજદાર/આરોપી પકડાઇ જઇ તેણે તથા સહ–આરોપીએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યાનો આક્ષેપ છે. વધુમાં જણાવેલ છે કે, હાલનાં અરજદાર/આરોપી પાસેથી કબજે કરેલ મોબાઇલ નંબરના તથા સહ–આરોપી સુભાષ યાદવના મોબાઇલ નંબરના સી.ડી.આર. મેળવી તપાસ કરતા બન્ને આરોપીઓ એકબીજાના સતત સંપર્કમાં હોવાનુ જણાઇ આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી મળી આવેલ વનસ્પતીજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થાને એફ.એસ.એલ. દ્ધારા સ્થળ પરીક્ષણ કરતા તેમાં કેનાબીસના સક્રિય ઘટકોની હાજરી સકારાત્મક મળેલ છે તેવો અહેવાલ આવેલ છે. હાલનાં અરજદાર/આરોપી પરપ્રાંતીય છે અને તેનુ અહી સ્થાયી રહેણાંક હોવાની હકીકત મળી આવેલ નથી. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે વધુ ગુનાઓ આચરે તેવી શકયતા રહેલ છે અને આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ઠરાવ તારીખે નામ. કોર્ટમાં હાજર રહેશે નહી તેવી શકયતા જણાય છે અને ફરીવાર આવા પ્રકારનાં ગંભીર ગુનાઓ કરે તેવી શકયતા નકારી શકાય નહી અને આમ જનતામાં કાયદાનો ડર રહેશે નહી અને માદક પદાર્થ ગાંજાની હેરફેર કરવાની પ્રવૃતિ ચાલુ કરી આજના યુવાધનને નશાના રવાડે ચડાવી સેવન કરવાની ટેવ પાડી શારીરિક અને આર્થિક રીતે નુકશાન પહોંચાડી દેશને અધોગતી તરફ લઇ જનાર કૃત્ય હોય, તે સંજોગોમાં અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ ભરૂચ રેલ્વે પો.સ્ટે.માં એક પ્રોહીબીશનનો ગુનો નોંધાયેલ છે.

(૬) હાલનાં અરજદાર/આરોપી તરફે એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર ક્રિ.પ.અ.નં. ૪૭/૨૦૨૬ થી જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે તા. ૦૫/૦૨/૨૦૨૬ નાં રોજ આરોપીનાં કબજા ભોગવટાની દુકાનમાંથી મુદ્દામાલ ગાંજો મળી આવેલ હોય, પ્રાઇમાફેસી કેસ હોય તથા હાલનાં આરોપીને આ ગુનાના અન્ય

સહ–આરોપી સુભાષ યાદવનાઓએ આ મુદ્દામાલ ગાંજાનો જથ્થો વેચાણ કરવા આપેલો હોય અને જે સહ–આરોપી વિરૂધ્ધ અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.માં તથા ડેડીયાપાડા પો.સ્ટે.માં આમ કુલ બે એન.ડી.પી.એસ.નાં ગુના નોંધાયેલા હોય અને હાલનાં અરજદાર/આરોપી તથા સહ–આરોપી સુભાષ યાદવ બન્નેના મોબાઈલનાં સી.ડી.આર. તપાસનાં કામે મેળવતા બન્ને સતત એકબીજાનાં સંપર્કમાં રહેલા હોય તેવી હકીકત ખુલેલ હોય એફ.આઈ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને તે જામીન અરજીનાં પેરા–૫, ૬ તથા ૭ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

*(૫) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઈ.આર. ધ્યાને લેવામાં આવે તો, પોલીસને બાતમી મળેલ કે,''મીરાનગર પાકીઝા હોટલની પાછળ આવેલ ખુશી બર્તન ભંડારની દુકાનમાં સુરજ જગદિશ વર્મા નામનો ઈસમ માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરે છે'' આ બાતમીના આધારે પોલીસે બનાવ સ્થળે વજનકાંટાવાળા, ફોટોગ્રાફર, પંચોને સાથે રાખી રેડ કરતા દુકાનમાં હાલનાં અરજદાર/આરોપી ખુરશી ઉપર બેઠેલ હોય તેને સાથે રાખી દુકાનની ઝડતી તપાસ કરતા શોફાની પાછળથી એક બ્લુ કલરની પ્લાસ્ટીકની થેલીમાં કાંઈક ભરેલ હોય જે થેલીમાં જોતા તેમાંથી વિશીષ્ટ પ્રકારની વાસ આવતી હતી જેથી હાલનાં અરજદાર/આરોપીને પુછપરછ કરતા તેમાં ગાંજો ભરેલ હોવાનું જણાવેલ જેનુ વજન કરતા તે ૧ કિલો ૬૦૫ ગ્રામ થયેલ જેની કિં. રૂા. ૮૦,૨૫૦/– આરોપીનાં કબજા ભોગવટાવાળી દુકાનમાંથી મળી આવેલ છે. આમ, બાતમી મુજબ ગાંજાનો જથ્થો આરોપીનાં કબજા ભોગવટાવાળી દુકાનમાંથી મળી આવેલ હોય આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. ત્યારે આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.*

*(૬) વધુમાં એફ.આઈ.આર.ની હકીકત જોતા, સ્થળ ઉપર હાલનાં અરજદાર/આરોપીની પુછપરછ દરમ્યાન આ કામનાં અન્ય સહ–આરોપી સુભાષ શિવચંદ્ર યાદવનાઓએ આ ગાંજાનો જથ્થો તેમને વેચાણ કરવા માટે આપી ગયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં પોલીસ*

પેપર્સ જોતા આ કામનાં અન્ય સહ–આરોપી સુભાષ યાદવ સામે અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.માં એન.ડી.પી.એસ. એકટ મુજબનો તથા ડેડીયાપાડા પો.સ્ટે.માં પણ એન.ડી.પી.એસ. એકટ અન્વયેનો ગુનો નોંધાયેલાનું જણાય છે. વધુમાં પોલીસે હાલનાં અરજદાર/આરોપી તેમજ અન્ય સહ–આરોપી કે જેની સામે અન્ય એન.ડી.પી.એસ.ના બે ગુનાઓ નોંધાયેલા છે તેની સાથે ટેલીફોનીક સંપર્કમાં છે તે દર્શાવતા મોબાઈલનાં સી.ડી.આર. મેળવેલ છે. વધુમાં પોલીસ એફીડેવીટ જોતા, પોલીસ એફીડેવીટમાં હાલનાં અરજદાર/આરોપી સુરજ જગદિશ વર્મા વિરૂધ્ધ કોઈ ગુનો નોંધાયેલાનુ જણાઈ આવેલ નથી તેવું કોલમ–૨૩ માં જણાવેલ છે, પરંતુ પોલીસ પેપર્સ જોતા ભરૂચ રેલ્વે પો.સ્ટે. એફ.આઈ.આર. નં. ૧૧૨૧૨૦૧૦૨૪૦૦૬૭/૨૦૨૪ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધાયેલ હોય તે અંગેની એફ.આઈ.આર. નોંધાયેલ હોય તેમ જણાય છે. આમ, હાલનાં અરજદાર/આરોપી આ ગુનાના સહ–આરોપી સુભાષ યાદવ કે જેની સામે એન.ડી.પી.એસ.ના ગુના નોંધાયેલ છે તેના સતત સંપર્કમાં છે તેમજ હાલનાં આરોપી સામે પ્રોહીબીશનનો ગુનો નોંધાયેલો હોય તેવું પોલીસ પેપર્સમાં રહેલ એફ.આઈ.આર. થકી જણાય આવે છે તે સંજોગોમાં પણ હાલનાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

(૭) વધુમાં આરોપીનાં વિ.વકીલશ્રી તરફે દલીલ છે કે, આરોપી પાસેથી મળી આવેલ જથ્થો ઈન્ટર મીડીયેટ કોન્ટીટીમાં હોય કલમ–૩૭ નો બાધ નથી, જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફેની ઉપરોકત દલીલનાં સંદર્ભમાં જોવામાં આવે તો, એ હકીકત છે કે, આરોપી પાસેથી મળી આવેલ ગાંજાનો જથ્થો ઈન્ટર મીડીયેટ કોન્ટીટીમાં છે, જેથી કલમ–૩૭ નો બાધ નથી. વધુમાં હાલનાં કેસમાં જોવામાં આવે તો, પોલીસને મળેલ બાતમી મુજબ ગાંજાનો જથ્થો આરોપીનાં પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી દુકાનમાંથી મળી આવેલ છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે, તે સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર આરોપીની જામીન અરજી વિગતવાર કારણો આપી નામંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલનાં ગુનાનુ ચાર્જશીટ દાખલ થતા આરોપીએ નામ. હાઇકોર્ટમાં જામીન અરજી વિડ્રો કરેલ છે અને ત્યારબાદ ચાર્જશીટ દાખલ થયાનાં ગ્રાઉન્ડ ઉપર હાલની અરજી કરેલ છે. આરોપી તરફે તેમની જામીન અરજીમાં કે રજુઆત દરમ્યાન અગાઉની જામીન અરજી નામંજુર થયા બાદ કેવા પ્રકારનાં સંજોગો બદલાયેલા છે તે અંગેની કોઇ રજુઆત નથી, તે હકીકત સ્પષ્ટ છે કે, ચાર્જશીટ દાખલ થવા માત્રથી જ બદલાયેલા સંજોગો હોવાનું કહી શકાય નહી, તે સંજોગોમાં પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીની કબજા ભોગવટાવાળી દુકાનમાંથી મુદ્દામાલ ગાંજો મળી આવેલ છે અને આરોપી સામે પ્રાઇમાફેસી કેસ છે. આમ, આરોપી સામેની ગુનાની ગંભીરતા જોતા આજના યુવાધનને નશાના રવાડે ચડાવી સેવન કરવાની ટેવ પાડી શારીરિક અને આર્થિક રીતે નુકશાન પહોંચાડી દેશને અધોગતી તરફ લઇ જવાનુ કૃત્ય કરતો ગુનો હોય તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) અરજદાર/આરોપી **સુરજ ઉર્ફે દદુ જગદિશ રામદેવ વર્મા,** હાલ રહે. પ્લોટ નં. ૬૭, મીરાનગર, પાકીઝા હોટલની પાછળ, સારંગપુર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, મુળ રહે. પંચમુલી ગામ, થાના ભાણપુર, જિ. બસ્તી (યુ.પી.)નાઓની અંકલેશ્વર, જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૬૦૦૦૫/૨૦૨૬ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી)(૨)(બી),

૨૯ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC